# કોંગ્રેસના સ્ટાર પ્રચારકોના ધાડા ગુજરાતમાં ઉતરશે : સોનીયા-રાહુલની ૨૪મીએ રેલીઓ

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાતમાં કોંગ્રેસના રાષ્ટ્રિય નેતાઓ અને ફિલ્મ અભિનેતાઓ ચૂંટણી પ્રચાર માટે મેદાનમાં ઉતરનાર હોઈ રાજ્યમાં ચૂંટણી પ્રચારમાં વેગ આવવા સાથે રાજકીય ગરમાવો આવી જવા પામ્યો છે. ગુજરાતની લોકસભાની ૨૬ બેઠકો માટેની ચૂંટણી આગામી ૩૦મી એપ્રીલના રોજ યોજાનાર છે. આ ચૂંટણી આડે હવે માત્ર એક જ સપ્તાહ બાકી રહ્યો છે. ત્યારે ગુજરાતમાં કોંગ્રેસના રાષ્ટ્રિય નેતાઓના ધાડા ચૂંટણી પ્રચાર માટે ઉતરનાર છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કોંગ્રેસ અધ્યક્ષા સોનીયા ગાંધી અને ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ચૂંટણી પ્રચાર અર્થે ગુજરાત આવનાર છે. સોનિયા ગાંધી ૨૪મીના રોજ વલસાડ અને ખેરાલુમાં ચૂંટણી સભાઓ સંબોધનાર છે. જ્યારે રાહુલ ગાંધી મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ચૂંટણી સભાઓને સંબોધશે.

બરોડા લોકસભા બેઠક પર ચૂંટણી પ્રચાર માટે કોંગ્રેસના યુવા સાંસદ જ્યોતીરાદીત્ય સીંધીયા આગામી ૨૭મીના રોજ બરોડાના પ્રવાસે આવનાર છે. આ ઉપરાંત કોંગ્રેસના સાંસદ અને ફિલ્મ અભિનેતા રાજબબ્બર, નગમા પણ બરોડા ખાતે ચૂંટણી પ્રચાર અર્થે આવનાર છે.

કોંગ્રેસના કેન્દ્રીય મંત્રી કપિલ સિબ્બલ પણ ૨૮મીએ બરોડા ખાતે ચૂંટણી સભાને સંબોધનાર છે. જ્યારે વડાપ્રધાન મનમોહનસિંઘ પણ ૨૭મીએ ગુજરાતના પ્રવાસે આવનાર છે. તેઓ બૌદ્ધિક અને વેપારીઓ સાથે એક બેઠકને સંબોધન કરનાર હોવાનું જાણવા મળે છે.

આગામી સપ્તાહથી કોંગ્રેસના સ્ટાર પ્રચારકો અને રાષ્ટ્રીય નેતાઓ ગુજરાતમાં ચૂંટણી પ્રચાર માટે આવનાર હોઈ ચૂંટણી પ્રચારમાં વેગ આવવા સાથે હજુ સુધી ભાજપ અને કોંગ્રેસના સ્ટાર પ્રચારકોનો ચૂંટણી પ્રચાર શરૂ થયો ન હોવાને કારણે ચૂંટણી પ્રચારમાં નિરશતા જોવા મળી રહી છે. ચૂંટણી પ્રચારમાં જોઈએ તેવો કોઈ ઉત્સાહ જોવા મળતો નથી.


# મોડાસાના નવજીવન ચોકમાં નરેન્દ્ર મોદી તળાવ

## નવજીવન ચોકના રહીશો અને વેપારીઓએ ગંદકીથી કંટાળી નરેન્દ્ર મોદી તળાવ એવુ મોટુ બનેર ગંદકીની વચ્ચોવચ્ચ મુકી દીધુ છે જે હાલ ચર્ચાનુ કેન્દ્ર છે

મુલોજ, તા. ૨૨

મોડાસા શહેરમાં શાકભાજી માર્કેટને નવજીવન ચોક તરીકે ઓળખવામાં આવે છે. નવજીવન ચોકમાં છેલ્લા પાંચ વર્ષથી દુર્ગંદ મારતુ પાણી રસ્તા ઉપર ભરાય છે. આથી આ વિસ્તારના રહીશો અને દુકાનદારોએ નગરપાલિકા તંત્રના અધિકારીઓને લેખિતમાં અને મૌખિકમાં રજૂઆતો કરી છે. તેમ છતાં પણ ચૂંટાયેલા પ્રતિનિધિ તેમજ તંત્રના અધિકારીઓના પેટનું પાણી પણ હલતુ નથી ત્યારે રહીશો ભારે રોષ વ્યક્ત કરી નરેન્દ્ર મોદી તળાવનું બેનર લગાવી દીધું છે.

પ્રાપ્તક માહિતી અનુસાર મોડાસાના શાકભાજી માર્કેટને નવજીવન ચોક તરીકે ઓળખવામાં આવે છે. આ નવજીવન ચોકમાં છેલ્લા પાંચ વર્ષથી દરરોજ જાહેર માર્ગો પર ગંદુ ગટરનું પાણી ફરી વળે છે. આથી ભારે દુર્ગંધ અને ગંદા પાણીને લીધે રાહદારીઓ વેપારીઓ અને રહીશોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ગંદાપાણીના ભરાવાને કારણે ઠેર-ઠેર કાદવ કિચડ થાય છે. અને પરિણામે મચ્છરનો પણ ઉપદ્રવ થઈ રહ્યો છે ત્યારે આ વિસ્તારના રહિશોએ આ મામલે નગરપાલિકા તંત્ર અને ચૂંટાયેલા પ્રતિનિધિઓને અનેક રજૂઆત કરી હતી તેમ છતાં હજુ સુધી કોઈ વ્યક્તિઓ ડોકીયુ કરવા પણ નથી આવ્યા.



(તસવીર : વનરાજસિંહ ખાંટ, મુલોજ)

પરિણામે આ ગંદકીથી ત્રાસી કંટાળી રહીશો અને દુકાનદારોએ '૩૬૫ દિવસ ખુલ્લુ રહેતુ નરેન્દ્ર મોદી તળાવ' એવું મોટુ બેનર ગંદકીના વચ્ચો વચ્ચ મુકી દીધુ છે. ત્યારે હાલ આ બેનર ચર્ચાનુ કેન્દ્ર બન્યું છે. તેમ છતાં તંત્રને ના તો ગંદકી હટાવવાનું ના તો બેનર હટાવવાનું સુજતુ નથી. નગરપાલિકાના મુખ્ય અધિકારી પોતાની એ.સી. ઓફિસમાંથી નગરજનોને પડતી તકલીફ જોવાનો પણ સમય નથી. તો બીજી બાજુ નવજીવન ચોકના વેપારીઓ શાકભાજી ખરીદવા આવતી બહેનો આ ગંદકી ક્યારે દૂર થશે તેની રાહ જોઈ રહી છે.

# તલોદમાં શંકરસિંહની જાહેર સભા યોજાઈ

## ગામડે ગામડે ફરી પ્રચાર અર્થે રૂબરૂ મુલાકાત કરી કોંગ્રેસને મત આપવા અપીલ

તલોદ, તા.૨૨

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકા વિસ્તારના ગામે ગામ કોંગ્રેસના ચૂંટણી પ્રચાર અર્થે રૂબરૂ લોકસભાના કોંગ્રેસના ઉમેદવાર શંકરસિંહ વાઘેલા વાયુવેગે પ્રચાર અર્થે ઘુમી રહ્યા છે અને ગામડે ગામડે જઈ ચૂંટણી સભાઓ સંબોધી કોંગ્રેસને મતદાન કરવા અપીલ કરી રહ્યા છે.

સાબરકાંઠાના તલોદ નજીક ગત ૧૯મીના રોજ સાંજના સમયે વલીયમપુરા ગામે ચિક્કાર જનમેદનીને સંબોધતા સભામાં હાજર શંકરસિંહ વાઘેલાએ ખેડૂતોને પડતી મુશ્કેલીઓ, તળાવો ગામડાઓના ભરાયા નહીં, વિજળીની રામાયણ, ખાતરની રામાયણ, સ્ત્રીઓ પર થતા અત્યાચાર વિગેરે પ્રશ્નોના આ ગુજરાત સરકાર ઉકેલ લાવતી નથી અને મોટી મોટી વાતો કરે છે તેમ જણાવ્યું હતુ. આ સભામાં ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, સરપંચ રમણભાઈ પટેલ, મંગળભાઈ પટેલ, બીપીનભાઈ પટેલ, ધનાજીભાઈ પટેલ, દેવુસિંહ ઝાલા, કાન્તિભાઈ સોલંકી, ડાહ્યાભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

# ધોરણ એકમાં પ્રવેશ માટે નવા નિયમ જાહેર કરાયા

## ૩૧મેનાં રોજ પાંચ વર્ષ પુરા કરનાર બાળકોને જ ધોરણ એકમાં પ્રવેશ અપાશે : વાલીઓમાં નિયમને લઈને ચર્ચા

અમદાવાદ, તા.૨૨

રાજ્યમાં અત્યારે પરીક્ષાની સાથે સાથે શાળાઓમાં પ્રવેશની સિઝન પણ આવી રહી છે. તેવામાં શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧માં પ્રવેશ માટે નવા નિયમો જાહેર કરવામાં આવ્યા છે જે મુજબ તારીખ ૩૧મે ૨૦૧૪ના રોજ પાંચ વર્ષ પુરા થતાં હોય તેના વિદ્યાર્થીઓને જ ધોરણ-૧માં પ્રવેશ આપવામાં આવશે.

જ્યારે ૩૧મેનાં રોજ પાંચ વર્ષ પુરા થતાં ન હોય તેવા વિદ્યાર્થીઓને પ્રવેશ માટે આગામી વર્ષની શરૂ જોવી પડશે. જે વિદ્યાર્થીઓના પાંચ વર્ષ પુરા થતાં હોય તેમને જ ચાલુ વર્ષે ધોરણ-૧માં પ્રવેશ આપવામાં આવશે. અગાઉ જે તે વર્ષની તારીખ ૧ ઓગસ્ટે પાંચ વર્ષ પુરા થતાં હોય તેવા બાળકોને ધોરણ-૧માં પ્રવેશ આપવામાં આવતો હતો. સરકારના આ પરીપત્રને અગાઉ વાલીઓએ હાઈકોર્ટમાં પડકાર્યો હતો જો કે હાઈકોર્ટે વાલીઓની અરજી ફગાવી દીધી હતી. અને સરકારના નિર્ણયનો અમલ એક વર્ષ બાદ કરવા નિર્દેશ કર્યો હતો. જેથી ચાલુ વર્ષથી નવા નિયમ મુજબ ૩૧મે ૨૦૧૪ના રોજ પાંચ વર્ષ પુરા કરનાર વિદ્યાર્થીઓને જ ધોરણ-૧માં પ્રવેશ આપવામાં આવશે જ્યારે ૩૧મે ૨૦૧૪ સુધી પાંચ વર્ષ પુરા ન કરનાર બાળકોને ધોરણ-૧માં પ્રવેશ માટે આગામી વર્ષની રાહ જોવી પડશે. એક અંદાજ મુજબ આ નિયમના અમલથી રાજમયાં હજારો બાળકો ધોરણ-૧માં પવેશથી વંચિત રહેશે જેના કારણે શિક્ષણ વિભાગના આ નિર્ણયથી વાલીઓમાં નારાજગી વ્યાપી ગઈ છે.


# બરોડામાં ભાજપ મહિલા કાર્યકરો દ્વારા શૃંગાર કિટના વિતરણ સામે કોંગ્રેસનો વિરોધ

ગાંધીનગર, તા.૨૨

બરોડામાં ભાજપની મહિલા કાર્યકરો દ્વારા ભાજપના કમળના નિશાન વાળા શૃંગાર કિટનું વિતરણ કરવામાં આવતાં કોંગ્રેસ દ્વારા તેનો વિરોધ કરીને આ અંગે ચૂંટણી પંચ સમક્ષ ફરિયાદ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ચૂંટણી દરમિયાન કોઈ પણ પ્રકારની વસ્તુનું મતદારોને વિતરણ કરવું એ ચૂંટણી આચારસંહિતાનો ભંગ છે. બરોડા શહેરમાં ભાજપ મહિલા કાર્યકરો દ્વારા ભાજપના કમળના નિશાન વાળી શૃંગારની વસ્તુઓની કીટોનું મહિલાઓને વિતરણ કરવામાં આવી રહ્યું હતું. આ કિટોના વિતરણ સામે બરોડા કોંગ્રેસ દ્વારા વિરોધ કરીને આ ચૂંટણી આચાર સંહિતાનો ભંગ ગણાવીને આ મામલે ચૂંટણી પંચને ફરિયાદ કરવામાં આવેલી હોવાનું જાણવા મળે છે.

## વડીલોને વંદન
## અભિનંદન



લવજીભાઈ ડી. વાડીયા
(૧૯૩૫) ફોન: ૨૩૨૨૨૬૯૬



લોકસભા ચૂંટણી જંગને લઈ આજે બનાસકાંઠાના પાલનપુરમાં આવેલા રામલીલા મેદાનમાં ભાજપના ઉમેદવારના ચૂંટણી પ્રચાર અર્થે નરેન્દ્ર મોદીની થ્રિડી સભા યોજાઈ હતી. જેમાં લોકોને ભાજપ તરફ જંગી મતદાન કરવા અપીલ કરી સોનિયા અને રાહુલ પર આકરા પ્રહારો કર્યા હતા. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૪ અન્વયે પાલનપુર મુકામે માહિતી ઓફિસમાં MCMC (મિડીયા સર્ટીફિકેશન એન્ડ મોનીટરીંગ કમિટી) ધ્વારા ન્ટિ અને ઈલેક્ટ્રોનિક મિડીયા બાબતે વિસ્તૃત કામગીરી કરવામાં આવે છે. ભારતના ચૂંટણીપંચ ધ્વારા નિયુક્ત થયેલ જનરલ ઓબ્ઝર્વરશ્રી ટી.ટી.ગામડીક (I..A.S.)એ MCMC ની મુલાકાત લઈ કામગીરી નિહાળી વિગતો મેળવી હતી.

# બનાસકાંઠા બેઠક પર 'આપ', ભાજપ અને કોંગ્રેસનો મરણીયો જંગ

પાલનપુર, તા.૨૨

દેશમાં લોકસભાની ચૂંટણીઓ મોટા ભાગના વિસ્તારમાં પૂર્ણ થઈ ગઈ છે. વર્તમાન કેન્દ્રની યુપીએ સરકાર સામે વિપક્ષ ભાજપ અને અન્ય સાથી પક્ષો તેમજ સ્થાનિક રાજકીય પક્ષો વચ્ચે બરાબર ચૂંટણી જંગ ખેલાઈ રહ્યો છે.

ગુજરાતમાં સરહદી બનાસકાંઠા જિલ્લામાં ચૂંટણી જંગ ત્રિપાંખીયો બનવા તરફ આગળ વધી રહ્યો છે. ભાજપ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી બરાબરના મુકાબલામાં છે. મુખ્ય બંને રાજકીય પક્ષોએ જિલ્લાના મોટી સંખ્યામાં મતદારો ધરાવતી ચૌધરી જાતિના ઉમેદવારો મુકયા છે અને 'આપ' પાર્ટીમાંથી બ્રાહ્મણ સમાજના ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા છે.

ભાજપે હરિભાઈ ચૌધરી, કોંગ્રેસે જોઈતારામ પટેલને તો આમ આદમી પાર્ટીએ સંજય રાવલને મેદાનમાં ઉતારતા આગામી ભવિષ્યમાં મતોનું વિભાજન બંને મુખ્ય રાજકીય પક્ષો માટે શિરદર્દ બની રહેશે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

લોકસભાની ચૂંટણીને લઈને સરહદી બનાસકાંઠા જિલ્લામાં પોષ્ટલ મતદાન યોજાયું હતું. ચૂંટણી ટાણે ફરજ પર તૈનાત સરકારી કર્મચારીઓ મતદાનથી વંચિત રહી ન જાય તે માટે આજે પાલનપુર તાલુકાના જગાણા ખાતે પોષ્ટલ મતદાન યોજાયું હતું. જેમાં પોલીસ અને હોમગાર્ડના જવાનોએ મતદાન કર્યું હતું.

## શબ્દાવલી - ૫૩૭૫

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | ૩ | ■ | ■ | ૪ |
| | ■ | ■ | ૫ | | ૬ | | |
| ૭ | ૮ | ૯ | ■ | ■ | | ■ | |
| ૧૦ | | | ■ | ૧૧ | | ■ | |
| ■ | ■ | | ■ | ૧૨ | | ૧૩ | ■ |
| ૧૪ | | ■ | ૧૫ | ■ | ■ | ૧૬ | ૧૭ |
| | ■ | ૧૮ | | | ■ | ૧૯ | |
| ૨૦ | | | | ■ | ૨૧ | | |

### આડી ચાવી

૧. ચોમાસામાં થતું એક સુવાળું લાલ જીવડું (૫)
૫. પાણીમાં સમાધિ લેવી તે(૫)
૭. પલકાર, પોપચું (૩)
૧૦. ઓઢણું, ડ્રેસ પરનો ખેસ(૩)
૧૧. પાસે, હાથનું ઘરેણું (૨)
૧૨. અનાથ બાળક (૩)
૧૪. પરૂ, રસી (૨)
૧૬. પ્રવાહી, જ્યુસ (૨)
૧૮. શાંતિ, વિશ્રાંતિ (૩)
૧૯. ઝુંડ, સમુહ (૨)
૨૦. રૂવે-રૂવે, રૂવાંડે-રૂવાંડે (૪)
૨૧. તપ્પો, ખેલ (૩)

### ઊભી ચાવી

૧. ગોરનું કામ કરનાર (૪)
૨. બટનને વાખવા માટે... કરાય (૨)
૩. એક જીવડું, ઇ.. (૨)
૪. વહેતુ ના હોય તેવું (૪)
૬. સમજવું તે, માની લેવું તે (૪)
૮. પીડા, ઉપાધિ, લફરૂ (૨)
૯. વાટકો (૩)
૧૧. આવજોને અંગ્રેજીમાં... કહેવાય (૨)
૧૩. સ્મશાન ઘર જેવા અર્થમાં આ શબ્દ વપરાય છે (૪)
૧૪. પરવશતા, ઓથ (૩)
૧૫. આરામ, રિષેસનો સમય(૩)
૧૭. ઝટ, ત્વરાથી (૩)
૧૮. ઘાટ, ઓવારો (૨)

### શબ્દાવલી ૫૩૭૪ના જવાબ

***આડી ચાવી :-*** (૧) ઘરકામ (૪) ફડક (૭) લગન (૮) પણ (૯) પડકાર (૧૦) રકાબી (૧૧) વાસ (૧૨) છોકરમત (૧૬) સવા (૧૭) વિષમ (૧૮) તળપદી

***ઊભી ચાવી :-*** (૧) ઘડપણ (૨) કાલકા (૩) મગર (૫) ડપકા (૬) કણબી (૧૦) રસતરબોળ (૧૧) વામ (૧૨) છોળ (૧૩) રઘવા (૧૪) સપ્તપદી (૧૫) ભાવિ (૧૬) સમ

# ધનસુરામાં ભાજપના કાર્યકરોએ બાઈક રેલી યોજી રોડ શૉ કર્યો

ધનસુરા, તા.૨૨

લોકસભાની ચૂંટણીને આડે ગણતરીના દિવસો બાકી છે ત્યારે ઉમેદવારો મતદારોને મનાવવા અપીલ કરી રહ્યા છે. સાબરકાંઠા બેઠક ભાજપના ઉમેદવાર દિપસિંહ રાઠોડને વિજયી બનાવવા ભાજપ દ્વારા બાઈક રેલી કાઢી રોડ શૉ યોજવામાં આવ્યો હતો.

સાબરકાંઠા બેઠક પર મતદારોને મનાવવા સાબરકાંઠા ભાજપ દ્વારા આજ રોજ દિપસિંહ રાઠોડની ઉપસ્થિતિમાં બાઈક રેલી યોજી રોડ શો યોજયો હતો. રેલીમાં ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા. રેલીમાં ભાજપના ઉમેદવાર દિપસિંહ, પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, જિલ્લા પંચાયત પ્રમુખ હેમલત્તા પટેલ, અનિલ પટેલ જોડાયા હતા. રેલીમાં કાર્યકરો વિવિધ બેનરો લઈ ઉપસ્થિત રહ્યા હતા અને ભાજપાને વિજયી બનાવવા માટે સૂત્રોચ્ચાર પોકારવામાં આવ્યા હતાં.

## કંપની સમાચાર

# આઈસીએઆઈએ નવા કંપની એક્ટને આવકાર્યો કાયદાના અમલ માટે તમામ સહયોગ પુરો પાડશે

વૈશ્વિક સ્તરે અગ્રણી એકાઉન્ટિંગ સંસ્થા તરીકેનું બહુમાન ધરાવતી ધ ઈન્સ્ટિટયૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ)એ શિક્ષણ, પ્રોફેશ્નલ ડેવલપમેન્ટ, એકાઉન્ટિંગ, ઓડિટિંગ અને નીતિમત્તાના ઉંચા માપદંડો જાળવી રાખવા માટે આપેલા પ્રદાન બદલ અત્યંત પ્રતિષ્ઠિત સ્થાન હાંસલ કર્યુ છે. માત્ર ૧૭૦૦ સભ્યોથી શરૂ થયેલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સમુદાયમાં હાલ ૨.૨૫ લાખથી વધુ સભ્યો છે. આ ઉપરાંત શૈક્ષણિક ક્ષેત્રે પણ માત્ર ૨૫૯ વિદ્યાર્થીઓથી પ્રારંભ કરનાર આઈસીએઆઈમાં હાલ ૮ લાખથી વધુ સભ્યો છે. આઈસીએઆઈ દેશભરમાં પાંચ પ્રાદેશિક ઓફિસ અને ૧૪૭ શાખાઓ ધરાવે છે. આઈસીએઆઈ વૈશ્વિક સ્તરે ૨૩ મહત્વના ન્યાયક્ષેત્રોમાં કાર્યરત છે. ૨૦૧૪-૧૫ના વર્ષમાં આઈસીએઆઈ દ્વારા નવા ક્ષેત્રો તરફ આગળ વધવા તથા કેટલીક મહત્વની બાબતો પર વ્યૂહાત્મક ભાર મુકવાનો નિર્ણય લેવાયો છે જેમાં સરકારી અને જાહેર ક્ષેત્રના એકમોમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ માટે રોજગારીની તકોમાં વધારો થાય તે માટે પગલા ભરવા, કેમ્પસ પ્લેસમેન્ટમાં કંપનીઓની સક્રિય ભાગીદારી વધે તે માટે પ્રયાસ કરવા, નવાં અને ઉભરતાં ક્ષેત્રોમાં સભ્યો પ્રેકટિસ કરી શકે તે માટે સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવા, કંપનીઝ એક્ટ ૨૦૧૩ના અભ્યાસ દ્વારા ઓડિટના નવા પાસાઓને તારવી તેનું યોગ્ય નિરાકરણ કરવું, આઈટી આધારિત પ્રોફેશ્નલ પ્રેક્ટિસને વેગ આપવો, યુવા સીએને પ્રોત્સાહિત કરવા માટે આઈસેએઆઈ યંગેસ્ટ સીએફઓ એવોર્ડઝની શરૂઆત કરવી, કંપનીમાં મહિલા ડિરેક્ટરની ભૂમિકા માટે મહિલાઓને તૈયાર કરવા માટે મહિલા સભ્યોને વિશેષ તાલીમ પુરી પાડવી, મહિલાઓ માટેના વિશેષ પોર્ટલ દ્વારા મહિલાઓને કામકાજના સમયમાં રાહત આપવી, મહિલાઓના યોગદાનને પ્રોત્સાહન આપવા વીમન અચિવર્સ એવોર્ડ રજૂ કરવા, આઈસીએઆઈ ગ્લોબલ ટેકનોલોજી સેન્ટર શરૂ કરવા, મોબાઈલ એપ દ્વારા સર્વિસ પુરી પાડવી, આઈસીએઆઈના ઓનલાઈન સ્ટોર્સનો પ્રારંભ કરવો, સમાજની જરૂરિયાત અનુસાર અભ્યાસક્રમમાં ફેરફાર કરવો, પ્રેક્ટિકલ અભ્યાસને વધુ મહત્વ આપવું.

## ચંદન પકડાયું

● અનુસંધાન પહેલાનું ચાલુ

પાંડિયન કુલાન્ડાઈ પાંડિયન અને તમિલનાડુ ના એન.સીનુંવાસન નાતેસન મળીને ૩ શખ્સો ની ૬ મોબાઈલ , ૧૦ હજાર રોકડા તથા ૧૫ લાખ નો ટ્રક અને ૧૧,૧૯૫ કિલો રક્ત ચંદન (રૂ.૧૨૦૦ -તિ કિલો રક્ત ચંદન નું લાકડું) મળીને કુલ રૂ.૧,૪૯,૬૪,૫૦૦ ની કિંમતના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લેવામાં આવી છે.-નાથમિક પૂછતાછ માં આંધ્ર -દેશ ના ક્રિં રેડ્ડી નામના શખ્સે તેમને દિલ્હી માલ લઈ જઈને ફોન કરવા જણાવ્યું હોવાનું બહાર આવ્યું છે.ત્રણેય શખ્સો મોબાઈલ પર વાત કરીને આઉટ ગોઈંગ અને ઈન કમિંગ કોલ્સ ડીલીટ કરી નાંખતા હતા.જેથી સી.ડી.આર કઢાવવા કાર્યવાહી શરુ કરવામાં આવી છે.પોલીસે ૧૪ દિવસના રીમાન્ડ મેળવવા તજવીજ આરંભી છે.

## મતદાન કરશે...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવતો વિસ્તાર છે તે ઉલ્લેખનીય છે.

ગાંધીનગર જિલ્લાના પાંચેય વિધાનસભા વિસ્તારો ત્રણ સંસદીય મતવિસ્તાર સાથે સંકળાયેલા છે. જિલ્લામાં હજુ કેટલા કર્મચારીઓ પોષ્ટલ બેલેટથી મતદાન કરશે તે અંગેનું ચિત્ર એકાદ-બે દિવસમાં સ્પષ્ટ થઈ જશે તેમ ચૂંટણી અધિકારીશ્રીની કચેરીના સૂત્રોમાંથી જાણવા મળ્યું છે. ૨૩મી એપ્રિલ એ પોસ્ટલ બેલેટ માટેની કટ ઓફ ડેઈટ આપવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાં ૧૫ હજાર જેટલા કર્મચારીઓ ચૂંટણી વિષયક જુદી જુદી ફરજો બજાવી રહ્યા છે તે ઉલ્લેખનીય છે.

## ઉમેદવારોને નોટીસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સુધીમાં સૌથી વધુ ખર્ચ કોંગીના શ્રી કીરીટ પટેલે કર્યો છે જે રૂ. ૧૭ લાખથી વધુ છે. જયારે ભાજપના શ્રી લાલકૃષ્ણ અડવાણીએ અત્યાર સુધીમાં રૂ. ૧૦ લાખથી વધુનો ખર્ચ કર્યો છે.

આમ આદમી પાર્ટીના શ્રી રીતુરાજ મહેતાએ સવા બે લાખ જેટલો ખર્ચ અત્યાર સુધીમાં કર્યો છે. બસપાના ઉમેદવાર શ્રી નિરંજન ઘોષે રૂ. ૬૧ હજાર જેટલો ખર્ચ કર્યો છે.

ગઈ વખતે હિસાબો રજુ નહિ કરનાર એક માત્ર મહિલા ઉમેદવાર દિપીકાબેન સુતરિયાએ તેમના હિસાબો રજુ કરી દીધા છે. તેમણે આજ સુધીમાં રૂ. ૫૩ હજાર જેટલો ખર્ચ કર્યો છે. નેશનલ યુથ પાર્ટીના શ્રી પિયુષ પટેલે રૂ. ૪૭,૩૪૮નો ખર્ચ કર્યો છે.

ત્રીજા તબકકાનો ખર્ચ હવે આગામી સપ્તાહે રજુ થશે. જો કે હવે મતદાનનો દિવસ વધુ ને વધુ નજીક આવતો જતો હોઈ ચૂંટણી ખર્ચમાં ભારેખમ વધારો જોવા મળશે તેમ મનાઈ રહ્યું છે. ચૂંટણીમાં ઉમેદવારોના ખર્ચની મર્યાદા રૂ.૭૦ લાખ નિયત કરવામાં આવી છે.

અત્યાર સુધી રજુ થયેલા હિસાબોનું વિશ્લેષણ કરીએ તો ૩૫ લાખથી પણ ઓછો ખર્ચ ૧૮ ઉમેદવારોએ કર્યો છે. અર્થાત એક ઉમેદવારના ખર્ચની મર્યાદાના ૫૦ ટકા કરતાં થોડોક વધારે ખર્ચ કર્યો છે.

ગાંધીનગર સંસદીય મતવિસ્તારના બે વિધાનસભા મતવિસ્તારો આર્થિક રીતે સંવેદનશીલ હોવાને કારણે પંચે બે ખર્ચ નિરીક્ષકોની નિમણુંક કરી છે. બંને ખર્ચ નિરીક્ષકો દ્વારા તેમની કામગીરીને વધુ સઘન બનાવાઈ છે. આ ચૂંટણીમાં ખર્ચ વ્યવસ્થાપન માટે પંચ વધુ સક્રિય બન્યું હોવાથી ઉમેદવારો પણ ખર્ચની બાબતમાં બહુ જ ઉદાસીન જણાઈ રહ્યા છે.

લગ્નસરાની મોસમ તેમજ મતદારોના ઉદાસીન વલણને કારણે પણ ઉમેદવારો તેમના ખર્ચને નિયંત્રીત કરી રહ્યા હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.